પેજ 3

અભિનેતા રણદીપ હૂડા પૂર-પ્રભાવિત આસામના શિવસાગરમાં સહાય વિતરણમાં જોડાયો

ગુવાહાટી, તા. 2 : અભિનેતા રણદીપ હૂડાએ રાહત કાર્યોમાં જોડાવા અને પ્રભાવિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા માટે ઉપરી આસામના પૂર-પ્રભાવિત શિવસાગરની મુલાકાત લીધી હતી. માનવતાવાદી સહાયનું વિતરણ કરતી વખતે અભિનેતાએ પીડિતો અને કામગીરીમાં જોડાયેલા સ્વયંસેવકો સાથે વાર્તાલાપ કર્યો હતો. તાજેતરના પૂર બાદ આ વિસ્તારના પરિવારો પોતાના જીવનને ફરીથી પાટા પર લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, ત્યારે હૂડા આપત્તિથી પ્રભાવિત લોકોને મળવા માટે શિવસાગર જિલ્લામાં પહોંચ્યા હતા. માનવતાવાદી સંસ્થા 'ગ્લોબલ સિખ' સાથે જોડાયેલા હોવાથી તેમણે પીડિતો સાથે સમય વિતાવ્યો, તેમના અનુભવો સાંભળ્યા અને તેમને પોતાના સમર્થનની ખાતરી આપી હતી.

ટીવી અભિનેત્રી અદિતિ શર્માએ પતિ-સાસરિયા પર કર્યો ઘરેલુ હિંસાનો આક્ષેપ

મુંબઈ, તા. 02 : ટીવી-એક્ટ્રેસ અદિતિ શર્માએ તેના પતિ અભિનિત કૌશિક અને તેના પરિવારના બે સભ્યો સામે ઘરેલુ હિંસાની ફરિયાદ નોંધાવી છે. તેણે તેના પર મારપીટ, મૌખિક અને માનસિક ઉત્પીડનનો આક્ષેપ કર્યો છે. આ ફરિયાદ મુંબઈના ગોરેગાંવ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે અને તેના પતિ, સાસુ ઉર્મિલા કૌશિક અને નણંદ કીર્તિ કૌશિક સામે એફઆઈઆરદાખલ કરવામાં આવી છે. હાલમાં પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. અદિતિની ફરિયાદ મુજબ, કથિત ઉત્પીડન લગ્નના થોડા સમય પછી જ શરૂ થઈ ગયું હતું અને ધીમે-ધીમે સમય જતાં વધતું ગયું. એક્ટ્રેસે તેના પતિ અને તેના પરિવાર પર અનેક આક્ષેપો કર્યા છે, જેમાં વારંવાર હેરાન કરવા, મારપીટ કરવી અને તેનાં ઘરેણાં પોતાની પાસે રાખી લેવાનો સમાવેશ થાય છે.

ઋતિક રોશને મુંબઈમાં પોતાની ઓફિસ રૂ. 17 લાખના માસિક ભાડા પર આપી

મુંબઈ, તા. 02 : ઋતિક રોશને વધુ એક જગ્યા ઓફિસ માટે ભાડે આપી છે. સીઆરઈ મેટ્રિક્સને મળેલા પ્રોપર્ટીના દસ્તાવેજો મુજબ, બોલિવૂડ એક્ટર ઋતિક રોશને મુંબઈના અંધેરી વેસ્ટમાં લગભગ 6000 સ્ક્વેર ફીટની કોમર્શિયલ ઓફિસ સ્પેસ ક્લીયરસિન્થ લેબ્સ લિમિટેડને પાંચ વર્ષ માટે ભાડે આપી છે. આનું શરૂઆતી માસિક ભાડું રૂ. 17 લાખ છે. ભાડે લેવાયેલી જગ્યા અંધેરી (પશ્ચિમ)માં ન્યૂ લિંક રોડ પર સ્થિત લોટસ નીલકમલ બિઝનેસ પાર્કના ઉપરના માળે સાત યુનિટ્સમાં ફેલાયેલી છે. આ ઓફિસનો બિલ્ટ-અપ એરિયા લગભગ 6000 ચોરસ ફૂટ છે અને તેમાં સાત કાર પાર્કિંગની જગ્યા પણ સામેલ છે. પેપર્સ પરથી ખબર પડે છે કે ભાડૂઆતે રૂ. 68 લાખની સિક્યોરિટી ડિપોઝિટ પણ જમા કરાવી છે.

નવા ટ્રેન્ડને લઈને કંગનાનો ઋત્વિક રોશન પર વળતો પ્રહાર : 'આગમાં ઘી હોમવાનું બંધ કરો'

મુંબઈ, તા. ૨ : હૃતિક રોશન અને કંગના રનૌત વચ્ચેનો લાંબા સમયથી ચાલતો જાહેર વિવાદ વાયરલ સોશિયલ મીડિયા ટ્રેન્ડને કારણે ફરી એકવાર સપાટી પર આવ્યો છે. આ નવો અધ્યાય ત્યારે શરૂ થયો જ્યારે લેખક ફ્રેડી બર્ડીએ એક ઇન્સ્ટાગ્રામ પોસ્ટ શેર કરી, જેમાં લખ્યું હતું કે, "દુનિયાએ ઋત્વિક રોશનની માફી માગવી જોઈએ.' તે બાબત હવે બંને કલાકારો વચ્ચેના નવા વાક્યુદ્ધમાં ફેરવાઈ ગઈ છે. જેમાં કંગનાએ ઋત્વિક પર ઓનલાઇન ટ્રોલિંગને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો છે અને તેને 'અયોગ્ય ટિપ્પણીઓ' કરવાનું બંધ કરવા કહ્યું છે. આ નવી ચર્ચાએ લગભગ એક દાયકા પહેલાં શરૂ થયેલી તેમની ભારે ચર્ચિત કાનૂની લડાઈની યાદો પણ તાજી કરી દીધી છે.

દીપિકા પાદુકોણે ગર્ભાવસ્થા અને પુત્રી દુઆ વચ્ચેના સંતુલન અંગે અપડેટ શેર કરી



મુંબઈ, તા. 2 : દીપિકા પાદુકોણે પોતાના બીજા બાળકનું સ્વાગત કરતાં પહેલાં એક નિખાલસ પ્રેગ્નન્સી અપડેટ શેર કરી છે. શનિવારે અભિનેત્રીએ પોતાની ઇન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર એક રમુજી રીલ રીપોસ્ટ કરી હતી, જેમાં એક બાળકની સંભાળ રાખવાની સાથે સાથે બીજા બાળકની અપેક્ષા રાખવાની વાસ્તવિકતા દર્શાવવામાં આવી હતી. તેણી અને રણવીર સિંહે સપ્ટેમ્બર 2024માં તેમની પ્રથમ પુત્રી, દુઆનું સ્વાગત કર્યું હતું. ત્યારથી તેઓએ પોતાની પુત્રીને જાહેર જીવનથી દૂર રાખીને તેમના કૌટુંબિક જીવન વિશે માત્ર કેટલીક અપડેટ્સ જ શેર કરી છે. દીપિકાની આ પોસ્ટે ગર્ભાવસ્થા અને વાલીપણા વચ્ચેના સંતુલનની એક નાની ઝલક પૂરી પાડી હતી.

લંડનમાં એક સમારોહમાં ભીડ ભેગી થતાં ધક્કામુક્કીમાં ઘણાં ઘાયલ, કેટલાકને સ્ટ્રેચર પર બહાર કઢાયા



ઉત્તર લંડનમાં આયોજિત એક કૌટુંબિક (ફેમિલી-ફ્રેન્ડલી) ફેસ્ટિવલમાં ક્ષમતા કરતાં વધુ લોકો એકઠા થઈ જતાં સર્જાયેલી ધક્કામુક્કી જેવી સ્થિતિમાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે અને તેમને સ્ટ્રેચર પર બહાર લઈ કાઢવામાં આવ્યા હતા. બાર્નેટ સ્થિત કોપ્થોલ પ્લેઈંગ ફીલ્ડ્સ ખાતે શનિવારે આયોજિત 'ઘાના પાર્ટી ઇન ધ પાર્ક' માં અતિશય ભીડ ભેગી થઈ જતાં આયોજકોને આ કાર્યક્રમ 'અચાનક' જ પૂરો કરવાની ફરજ પડી હતી. આ ભીડમાં ચગદાવાથી ફેસ્ટિવલમાં આવેલા કેટલાક લોકોને 'જીવલેણ ન હોય તેવી ઈજાઓ' પહોંચી છે. ઘટનાસ્થળના ફૂટેજમાં એર એમ્બ્યુલન્સ સહિત અનેક ઈમરજન્સી વાહનો હાજર જોવા મળ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓએ ઈજાગ્રસ્ત લોકોને મેડિકલ ટીમ દ્વારા સ્ટ્રેચર પર ઘટનાસ્થળેથી બહાર લઈ જતા જોયા હતા. એક 18 વર્ષીય યુવાને આ ઘટનાને 'અત્યંત અસ્તવ્યસ્ત' ગણાવતા ઉમેર્યું હતું કે ફેસ્ટિવલનું આયોજન 'ખૂબ જ ખરાબ' રીતે કરવામાં આવ્યું હતું. ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવા માટે બે એર એમ્બ્યુલન્સ પણ ઉતારવામાં આવી હતી. બપોરે 2 વાગ્યા પછી લોકો આ ઈવેન્ટમાં અંદર જઈ શક્યા ન હતા. આશરે 1,000 જેટલા લોકો હજુ પણ બહાર જ ઉભા રહ્યા હતા.

ઈન્ડોનેશિયાની પેસેન્જર ફેરીમાં આગ લાગતાં ઓછામાં ઓછા પાંચનાં મોત

જ્વલનશીલ સામગ્રી ભરેલી ફેરીમાં ૨૩૨ મુસાફરો અને ૩૯ ક્રૂ મેમ્બર્સ સવાર હતા, ડઝનબંધ લાપતા

સુરાબાયા (ઈન્ડોનેશિયા), તા. ૨ (એપી): રવિવારે ઈન્ડોનેશિયાના મુખ્ય ટાપુ જાવા નજીકના સમુદ્રમાં ૨૭૧ લોકોને લઈ જઈ રહેલી એક ફેરી (બોટ)માં આગ લાગતાં ઓછામાં ઓછા પાંચ લોકોનાં મોત થયાં છે અને ડઝનબંધ લોકો ગુમ થયા છે. બચાવકર્તાઓ અને નજીકથી પસાર થતાં વહાણોએ સળગતા જહાજમાંથી સેંકડો લોકોને બહાર કાઢી બચાવી લીધા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ઈન્ડોનેશિયાની નેશનલ સર્ચ એન્ડ રેસ્ક્યૂ એજન્સી (બાસારનાસ) ના જણાવ્યા અનુસાર, 'મુતિયારા સંતોષા 2' નામની આ ફેરી ૨૩૨ મુસાફરો અને ૩૯ ક્રૂ મેમ્બર્સ સાથે ઈન્ડોનેશિયાના બીજા સૌથી મોટા શહેર સુરાબાયા (પૂર્વ જાવા) થી દક્ષિણ સુલાવેસીના મકાસર શહેર તરફ જઈ રહી હતી, ત્યારે સવારે ૬થી ૭ વાગ્યા વચ્ચે સુમેનેપ રિજન્સી નજીકના સમુદ્રમાં આ આગ ફાટી નીકળી હતી.

બાસારનાસએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ફેરી ઓપરેટર 'પીટી એતોસિમ લામપુંગ પેલાયરાન' દ્વારા લગભગ એક કલાક પછી સુરાબાયા સર્ચ એન્ડ રેસ્ક્યૂ ઓફિસને આ ઘટનાની જાણ કરવામાં આવી હતી. કંપનીને ફેરીના કેપ્ટન પાસેથી માહિતી મળી હતી કે, મદુરા ટાપુના ઉત્તરીય છેડા નજીક જહાજમાં આગ લાગી છે, પરંતુ પાછળથી સંપર્ક તૂટી ગયો હતો.

સવારે ૯:૪૫ વાગ્યા સુધીમાં નજીકના કાર્ગો જહાજ 'મેરાતુસ પ્રોજેક્ટ 3' સાથે વાતચીત કર્યા પછી અધિકારીઓએ નિર્ધારિત કર્યું હતું કે, ફેરી બુરુઆન સપુડી ટાપુથી લગભગ ૧૯ નોટિકલ માઈલ ઉત્તરમાં હતી. આ કાર્ગો જહાજમાં જ્વલનશીલ સામગ્રી ભરેલી હોવાથી તે સળગતી ફેરીની નજીક જઈ શક્યું ન હતું.

જમ્મુ રેલવે ડિવિઝને જુલાઈમાં ખુદાબક્ષો પાસેથી રૂ. 78 લાખનો દંડ વસૂલ્યો

વિશેષ ઝુંબેશમાં 10,000થી વધુ વગર ટિકિટે મુસાફરી કરનારા ખુદાબક્ષો ઝડપાયા

જમ્મુ, તા. 2 (PTI) ઉત્તર રેલવેના જમ્મુ ડિવિઝને જુલાઈ દરમિયાન એક મહિના સુધી ચાલેલી વિશેષ ઝુંબેશ દરમિયાન 10,000થી વધુ ટિકિટ વગરના અને અનિયમિત મુસાફરોને દંડ કરીને આશરે રૂ. 78 લાખની આવક મેળવી હતી, જે વગર ટિકિટે મુસાફરી કરનારાઓ સામે સઘન અમલીકરણ દર્શાવે છે. એમ એક સત્તાવાર પ્રવક્તાએ રવિવારે જણાવ્યું હતું.

પ્રવક્તાએ જણાવ્યું હતું કે, કડક ટિકિટ ચેકિંગ અને અમલીકરણના પગલાં દ્વારા ટિકિટ વગર મુસાફરી, ઉચ્ચ વર્ગમાં અનાધિકૃત મુસાફરી, વગર બુક કરાવેલ સામાન લઈ જવો અને રેલવેના નિયમોના અન્ય ભંગને રોકવા માટે આખા જમ્મુ ડિવિઝનમાં આ ઝુંબેશ ચલાવવામાં આવી હતી.

પ્રવક્તાએ જણાવ્યું હતું કે, સિનિયર ડિવિઝનલ કમર્શિયલ મેનેજર, જમ્મુ, ઉચિત સિંઘલના માર્ગદર્શન હેઠળ ટિકિટ ચેકિંગ સ્ટાફે તમામ મેઈલ, એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેનોમાં તેમ જ ડિવિઝનના મુખ્ય સ્ટેશનો પર આકસ્મિક અને નિયમિત ચેકિંગ હાથ ધર્યું હતું.

પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "વિશેષ ઝુંબેશના ખૂબ જ પ્રોત્સાહક પરિણામો મળ્યા, જેમાં ટિકિટ ચેકિંગ સ્ટાફની સતર્કતા અને જાગરૂકતાને કારણે જુલાઈ દરમિયાન ટિકિટ વગર અને અનિયમિત મુસાફરીના 10,014 કેસો શોધી કાઢવામાં આવ્યા. રેલવેના નિયમો અનુસાર દંડ ફટકારવામાં આવ્યો હતો, જેનાથી રૂ. 77,97,430ની આવક થઈ હતી."

પેરુમાં યુરોપિયન પ્રવાસીઓને લઈ જતું પ્લેન ક્રેશ થતાં 13નાં મોત

પ્રવાસીઓ પ્રસિદ્ધ નાસ્કા લાઇન્સ નિહાળવા જઈ રહ્યા હતા

મૃતકોમાં 18થી 54 વર્ષની વયના ઇટાલિયન, સ્પેન અને જર્મન નાગરિકો

બોગોટા, તા. 2 (એપી) નગરપાલિકાના સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે, પ્રખ્યાત નાસ્કા લાઈન્સ જોવા માટે જઈ રહેલા યુરોપિયન પ્રવાસીઓને લઈ જતું એક પ્લેન પેરુના નાસ્કા શહેર બહારના એક ખેતરમાં તૂટી પડતાં 13 લોકોનાં મોત થયાં છે.

નાસ્કાના મ્યુનિસિપલ ગવર્નમેન્ટે જણાવ્યું કે, આ પ્લેને શનિવારે નજીકના ઈકા શહેરમાંથી ઉડાન ભરી હતી અને તે પેરુવિયન કંપની 'એરોડિયાના' દ્વારા સંચાલિત હતું. તેની વેબસાઈટ પર એરલાઈને જણાવ્યું હતું કે, તે છેલ્લાં 14 વર્ષથી સેસના ગ્રાન્ડ કેરાવન પ્લેનનો ઉપયોગ કરીને નાસ્કા લાઈન્સ પર દર્શન માટેની ફ્લાઈટ્સ ઓફર કરી રહી છે. નાસ્કા લાઈન્સ એ પેરુના સ્થાનિક રહેવાસીઓ દ્વારા સો વર્ષો પહેલા નાસ્કાની આસપાસના રણમાં કોતરવામાં આવેલા વિસ્તૃત જીઓગ્લિફ્સ (ભૂ-રેખાંકનો)નો સમૂહ છે. આ રેખાઓ પ્રાણીઓના આકારો બનાવે છે જે ફક્ત વિમાન અથવા વ્યુઈંગ ટાવર પરથી જ પૂર્ણપણે જોઈ શકાય છે.

પેરુના વાહનવ્યવહાર મંત્રાલયે જણાવ્યું હતું કે, મૃતકોમાં 18થી 54 વર્ષની વયના સાત ઈટાલિયન નાગરિકો, બે 52 વર્ષીય સ્પેનના નાગરિકો અને 77 અને 78 વર્ષના બે જર્મનોનો સમાવેશ થાય છે. અન્ય બે મૃતકો પાઈલટ અમેરિકો સાલાઝાર અને કો-પાઈલટ ઈરેન્કા ગ્વાનિલો ડેલ કાર્પિયો હતા. એમ એક સત્તાવાર અહેવાલમાં જણાવાયું છે.

પ્રમુખ કેઈકો ફુજીમોરીએ આ અકસ્માત અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું અને કહ્યું હતું કે, એરપોર્ટને અસ્થાયી રૂપે સ્થગિત કરવા અંગે વિચારણા કરવામાં આવી રહી છે, જોકે સંબંધિત મંત્રાલયોના અહેવાલો મળ્યા બાદ જ આ નિર્ણય લેવામાં આવશે.

મોસ્કોના રેસ્તોરાંમાં બોમ્બ ધડાકો થતા ત્રણનાં મોત, 21ને ઈજા

વિસ્ફોટક સામગ્રી રેસ્ટોરન્ટમાં લઇ જવાનો પ્રયાસ કરી રહેલી મહિલાને ગાર્ડે અટકાવતા વિસ્ફોટ થયો

શકમંદ મહિલા, સિક્યુરિટી ગાર્ડ અને એક ગ્રાહકનું મોત થયું, યુક્રેન યુદ્ધ સાથે કોઇ સંબંધ હોવા અંગે કોઇ નિવેદન નથી

મોસ્કો, તા. 2(એપી): મધ્ય મોસ્કોમાં આવેલી એક રેસ્ટોરન્ટમાં બોમ્બ ધડાકો થયો હતો, જેમાં બોમ્બર સહિત ઓછામાં ઓછા ત્રણ લોકોનાં મોત થયા છે, તેમ સ્થાનિક અધિકારીઓને ટાંકીને રશિયન સ્ટેટ મીડિયાએ જણાવ્યું હતું.

રશિયન સરકારી ન્યૂઝ એજન્સી 'રીઆ નોવોસ્તી' દ્વારા ટાંકવામાં આવેલ નેશનલ એન્ટી-ટેરરિઝમ કમિટીના કથન અનુસાર, શનિવારે મોસ્કોના કુઝ્રિન્સ્કાયા સ્ક્વેર સ્થિત રેસ્ટોરન્ટમાં વિસ્ફોટક સામગ્રીનો વિસ્ફોટ થતાં ઓછામાં ઓછા 21 લોકો ઘાયલ પણ થયા હતા. ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે, રેસ્ટોરન્ટની અંદર વિસ્ફોટક સામગ્રી લઈ જવાનો પ્રયાસ કરનાર એક અજ્ઞાત મહિલાનું આ બ્લાસ્ટમાં મૃત્યુ થયું હતું, જ્યારે એક સિક્યુરિટી ગાર્ડ અને એક ગ્રાહકે પણ જીવ ગુમાવ્યો હતો.

આ વિસ્ફોટને આતંકવાદી કૃત્ય ગણાવતા મોસ્કોના મેયર

મોસ્કો, તા. 2(એપી): મોસ્કોના મેયર સર્ગેઈ સોબ્યાનિને રાજધાનીની એક રેસ્ટોરન્ટમાં થયેલા બોમ્બ ધડાકાને ક્રૂર આતંકવાદી કૃત્ય ગણાવ્યું હતું, પરંતુ કોણ જવાબદાર છે તેનો ઉલ્લેખ કર્યો ન હતો. સોબ્યાનિને રવિવારે સોશિયલ મીડિયા પર લખ્યું, ગઈકાલે મોસ્કોમાં એક ક્રૂર આતંકવાદી કૃત્ય આચરવામાં આવ્યું હતું જેણે માનવ જિંદગીઓ છીનવી લીધી. પીડિતો હાલમાં શહેરની હોસ્પિટલોમાં છે, જ્યાં તેઓને તમામ જરૂરી સારવાર મળી રહી છે. સ્થાનિક સમય પ્રમાણે શનિવારે સાંજે આ ઘટના બની હતી.

અમેરિકાના આઇડાહોમાં ફાસ્ટ ફૂડ રેસ્ટોરન્ટમાં ગોળીબારમાં ત્રણના મોત

શંકાસ્પદ હુમલાખોરનો મૃતદેહ પણ મળ્યો, ઘાયલ સાતમાંથી કેટલાકની હાલત નાજુક

બોઈઝ (US), તા. 2 (AP) દક્ષિણ આઈડાહોમાં શનિવારે બપોરે ઈન-એન-આઉટ બર્ગર રેસ્ટોરન્ટમાં થયેલા ગોળીબારમાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં અને અન્ય સાત લોકો ઘાયલ થયા હતા, જેમાંના કેટલાકની હાલત ગંભીર છે. એમ ટ્વિન ફોલ્સ શહેરના પ્રવક્તાએ જણાવ્યું હતું.

ટ્વિન ફોલ્સ શહેરના પબ્લિક ઈન્ફોર્મેશન ઓફિસર જોશ પામરે જણાવ્યું હતું કે, ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે રેસ્ટોરન્ટ નજીકના વિસ્તારમાંથી શંકાસ્પદ બંદૂકધારીનો મૃતદેહ કબજે કર્યો હતો. મૃતકોની ગણતરીમાં આ શંકાસ્પદનો સમાવેશ થાય છે કે કેમ તેની તેમને જાણ નહોતી. અધિકારીઓ હજી પણ પીડિતોના પરિવારજનોને જાણ કરવાની કામગીરી કરી રહ્યા હતા, તેથી ગોળીબારમાં ઘાયલ થયેલા લોકોના નામ, ઉંમર કે અન્ય વિગતો જાહેર કરવામાં આવી નથી. પામરે જણાવ્યું કે, ઘાયલ થયેલા કેટલાક લોકોની હાલત નાજુક છે.

શનિવારે અગાઉ યોજાયેલી પત્રકાર પરિષદમાં ટ્વિન ફોલ્સના પોલીસ ચીફ મેથ્યુ હિક્સે જણાવ્યું હતું કે, પોલીસ હજી પણ શૂટરની ઓળખ અને ગોળીબાર પાછળનો હેતુ શોધવાનો પ્રયાસ કરી રહી છે. હિક્સે કહ્યું, "અમારું માનવું છે કે સમુદાય માટેનો ખતરો હવે ટળી ગયો છે. ઘટનાસ્થળે ખૂબ જ અફરાતરફીનો માહોલ હતો." પામરે જણાવ્યું હતું કે, તપાસકર્તાઓ ગોળીબારના પ્રત્યક્ષદર્શીઓની પૂછપરછ કરી રહ્યા છે. આ રેસ્ટોરન્ટ એક વ્યસ્ત શોપિંગ પ્લાઝામાં આવેલું છે, અને બપોરે લગભગ 2 વાગ્યે જ્યારે આ ઘટના બની ત્યારે વિસ્તારમાં સેંકડો લોકો હાજર હતા.

34 વર્ષીય લેન કોહને જણાવ્યું કે તે ઈન-એન-આઉટ નજીક ટ્રાફિક સિગ્નલ પર હતો ત્યારે તેણે ડ્રાઈવ-થ્રૂમાંથી એઆર-સ્ટાઈલની રાઈફલ સાથે એક વ્યક્તિને બહાર આવતો જોયો. પિસ્તોલ ધરાવતા એક શખ્સે શૂટર પર ગોળીબાર કરવાનું શરૂ કર્યું હતું.

POKમાં હિમસ્ખલનમાં માર્યા ગયેલા પીઢ પર્વતારોહી પુર્જાનો મૃતદેહ ત્રણ દિવસે મળ્યો

હિમસ્ખલનમાં માર્યા ગયેલા 10 પૈકી પાંચ પર્વતારોહીઓના મૃતદેહો મળ્યા

લાહોર, તા. 2 (PTI): પાકિસ્તાન હસ્તગત કાશ્મીર (પીઓકે)ના ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં આવેલા બ્રોડ પીક પર હિમસ્ખલનમાં તણાઈ ગયાના ત્રણ દિવસ પછી રવિવારે પીઢ નેપાળી-બ્રિટિશ પર્વતારોહી નિર્મલ પુર્જાનો મૃતદેહ મળી આવ્યો હતો. તેમની સાથે અન્ય નવ પર્વતારોહીઓ પણ આ હિમસ્ખલનમાં તણાઈ ગયા હતા. આલ્પાહાઈન ક્લબ ઓફ પાકિસ્તાન (એસીપી)એ જણાવ્યું હતું કે, 43 વર્ષીય પર્વતારોહીનો મૃતદેહ લગભગ 5,700 મીટરની ઊંચાઈ પરથી મળી આવ્યો છે.

ક્લબે જણાવ્યું કે, અત્યાર સુધીમાં પાંચ પર્વતારોહીઓના મૃતદેહો મળી ચૂક્યા છે અને બાકીના પાંચ પર્વતારોહીઓને શોધવાના પ્રયાસો ચાલુ છે. એસીપીએ કહ્યું, "ગ્રાઉન્ડ રેસ્ક્યુ ટીમ બ્રોડ પીક પર લગભગ 5,700 મીટરની ઊંચાઈએ નિર્મલ પુર્જા 'નિમ્સ દાઈ' સુધી પહોંચી ગઈ છે, જ્યાં વધુ ત્રણ મૃતદેહો પણ જોવા મળ્યા છે, જોકે તેમની ઓળખ હજી સુધી થઈ શકી નથી." ગ્રાઉન્ડ ટીમ આ મૃતદેહોને જાપાનીઝ કેમ્પમાં નીચે લાવશે, તેમ જણાવતા એસીપીએ ઉમેર્યું હતું કે, અત્યંત કઠિન ભૂપ્રદેશ પરિસ્થિતિઓ વચ્ચે શોધવાના પ્રયાસો ચાલુ છે.

એસીપીએ જણાવ્યું કે, પર્વતનો ભૂપ્રદેશ, હિમસ્ખલનનું જોખમ અને ઊભી ઢોળાવ રેસ્ક્યુ કામગીરીમાં પડકારો ઊભા કરી રહ્યા છે. કારણ કે, હવામાનની સ્થિતિને કારણે હેલિકોપ્ટરનો ઉપયોગ કરી શકાયો નથી.

કેરળમાં ભારે વરસાદ: મૃત્યુઆંક આઠ થયો, આઠ લાપતા

૫૦૦૦થી વધુ લોકોને રાહત કેમ્પોમાં ખસેડાયા, ૨૭ મકાનો સંપૂર્ણ નષ્ટ

તિરુવનંતપુરમ, તા. 2(પીટીઆઈ): કેરળના મુખ્યમંત્રી વી. ડી. સતીશને રવિવારે જણાવ્યું હતું કે શનિવારે ભારે વરસાદને કારણે ભૂસ્ખલન, પૂર અને વ્યાપક નુકસાન થયા બાદ આઠ લોકોનાં મોત થયા છે, આઠ લોકો ગુમ છે અને 13 લોકો ઘાયલ થયા છે. તેમના કાર્યાલય દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં, સતીશને જણાવ્યું હતું કે રાજ્યભરમાં 27 મકાનો સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયા છે, 196 મકાનોને અંશતઃ નુકસાન થયું છે અને 5,792 લોકોને 209 રાહત કેમ્પમાં ખસેડવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે સરકાર મૃતકોના પરિવારોને તેમજ જેમણે પોતાના ઘર અને રોજીરોટી ગુમાવી છે તેમને સહાય સુનિશ્ચિત કરશે. મુખ્યમંત્રીએ શનિવારથી વરસાદમાં ઘટાડો થયો હોવા છતાં લોકોને, ખાસ કરીને પહાડી વિસ્તારોમાં, સતર્ક રહેવા વિનંતી કરી હતી.